Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

# સાહિત્યમાં પર્યાવરણનું નિરૂપણ

ડૉ. પરેશ  ત્રિવેદી*

વિજ્ઞાન અને ટેકનોલોજીની ક્રાંતિકારી શોધખોળોને પરિણામે આધુનિક માનવીના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. હજારો વર્ષ પહેલા આદિમાનવ ગુફામાં રહેતો, વન્ય પ્રાણીઓનું કાચું માંસ ખાતો,કપડાના વસ્ત્રને બદલે વૃક્ષના પાંદડાં કે પ્રાણીના ચામડાથી શરીરનું રક્ષણ કરતો,જયારે સાંપ્રત સમયમાં ભૌતિકવાદમાં જીવતો મનુષ્ય ગામડું છોડી શહેર તરફ પ્રયાણ કરતો થયો. શહેરની નર્કાગાર જીંદગીએ એને ઉપભોકતાવાદી બનાવી દીધો.યંત્ર સાથે રહી એની જીંદગી યંત્રવત બની ગઈ,માનવમૂલ્યોનો હ્રાસ થતાં એનામાં દિવસે દિવસે પશુતા આવતી ગઈ એ.જં ગલી બનવા  માંડયો છેવસ્ત્રની બાબતમાં વિરુપતા છતી કરે . એવા ટૂંકા કે ઢંગધડા વગરના વસ્ત્રો અને જં ક ફૂડ ફાસ્ટ ફૂડ કે ભોજનના તૈયાર વાસી પેકેટ આધુનિક સમાજનું સ્ટેટસ બનતું જાય છે .કટાક્ષમાં એમ કહી શકાય કે માનવીને ફરી પાછુ આદિમાનવ બનવાનું ઘેલું લાગ્યું  છે

હજારો વર્ષોથી જં ગલ,નદી,પર્વત,રણ વગેરે માનવ જીવન સાથે સંકળાયેલા રહયાં છે. જં ગલો ઘાસનામેદાનો,નદીઓ દરિયા કિનારાઓ માનવીના આર્થિક ઉપાર્જન માટે મહત્વના પ્રાકૃતિક ભૂ દૃશ્યો હતા પરંતુ શહેરીકરણને પરિણામે જં ગલોકપાવા માંડયા,ઘાસના હરિયાળાં મેદાનો અલોપ થવા લાગ્યા, નદીઓ પર બંધ બંધાવા લાગ્યા,દરિયા કિનારો શહેરના કચરાથી ઉભરાવા લાગ્યા આ બધાને પરિણામે આપણને જે સ્વચ્છ હવા પ્રાપ્ત થતી કે વરસાદ પર નિયંત્રણ રહેતુ તે ઘટવા માંડયું.દુકાળ કે પૂ રજેવી આફતો પાછળનું કારણ વૃક્ષછેદન ,વધુ પડતો કાર્બનડાયોકસાઈડ છોડવો જેવા કારણો ગણી શકાય .કુદરતી સ્વચ્છ હવાને બદલે આપણે એસી) એરકંડિશન્ડ (કે ગિઝર નો ઉપયોગ કરવા લાગ્યા.પરિણામે કાર્બનડાયોકસાઈડ અને અન્ય ગેસનું પ્રમાણ વધતા બરફના પર્વતો પીગળવા માંડયા વાતાવરણમાં ગરમી વધવા લાગી પૂ સ્દુષ્કાળ જેવી આફતો આવતી ગઈ નદી,સરોવર કે કૂવાના શુધ્ધ તાજા પાણીને બદલે શહેરી માનવીને ગટરલાઈન સાથે ભેળસેળ થયેલું પાણી પીવાનો વારો આવ્યો.શુધ્ધ તાજા શાકભાજી કે કુદરતી ખાતરથી પકવેલા અનાજને બદલે હાઈબ્રીડ રાસાયણિક ખાતરથી પકવેલા

---

*ડૉ. પરેશ  ત્રિવેદી ,આર્ટસ કોમર્સ કોલેજ આંકલાવ

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

અનાજનો ખોરાક તરીકે ઉપયોગ કરવાનું બન્યું માનવે જંગલોનો નાશ કરીને જરૂરી એવા ફળ વગેરેનો ખોરાક અને પશુઓ માટે ઘાસચારાનો સ્ત્રોત બંધ કરી દીધો છે

ઓછો થઈ ગયો છે અને તેથી પોષણ અને જંગલોનો નાશ થવાથી વરસાદ પણ આમ .જેનાથી દુષ્કાળથી મૃત્યુ પણ થતા રહ્યા છે.જરૂરી અન્ન પણ ઓછુ થઈ ગયુ છેમાટ વૃક્ષછેદનથીવરસાદ અને અન્ન ઉત્પાદન ઉપર મોટી માનવસર્જીત અસર ઉભી થવાથી મનુષ્ય, પશુપંખી-, કીટાણુ, ખનીજ, પહાડ, નદી, સમુદ્ર વગેરે અસ્વાભાવિક દશામાં મુકાઈ ગયા છેબે . અલગ પ્રજાતિથી ઉત્પન્ન થયેલાં સંકર પશુઓને લીધે મૂળ પશુઓને અસ્તિત્વસામે ખતરો ઉભો થવા લાગ્યો છે.ઔધોગિકરણને લીધે આપણી પ્રાકૃતિક સંપદા એવા ખનિજના ભંડારો દિવસે દિવસે ખલાસ થવા માંડયા છે.વૃક્ષો તો આપણે ફરી પણ ઉગાડી શકીએ છીએ પરંતું પૃથ્વીના પેટાળમાં રહેલા ખનિજ તત્વો ખલાસ થઈ જશે તો આપણે શું કરીશું ?

આ બધાંને પરિણામે જગતનાં બૃદ્ધિજીવીઓને લાગ્યું કે માણસ જો આ પ્રકારનું જજીવન વીતાવશે મતલબ કે પ્રાકૃતિક સપંતિ તરફ ઉદાસીનતા સેવશે તો એક દિવસ આ પૃથ્વીપરથી માનવજીવન નષ્ટ થઈ જશે.આથી જ ‘પર્યાવરણ ને અખંડિત રાખીએ,એની પર જ આપણા જીવનનો આધાર છે’ એવી સમજ માનવીમાં વિકસે એ હેતુસર Ecocriticism, Econometrics, Green (Culture) Studies, Environmental Studies જેવા વિવિધ નામે ઓળખાતી પર્યાવરણ વિષયક પ્રવૃતિ શરૂ થઈ.

પર્યાવરણીય શિક્ષણ એટલે સજીવતંત્ર ઉપર અસર કરતી દરેક બાબત આ પર્યાવરણલક્ષી અભ્યાસનો વિષય છે.આ અભ્યાસ આપણા પ્રાકૃતિક જગત અને એની અખંડિતતા ઉપર માનવીય પ્રભાવ અંગે સમજ આપે છે.એને પ્રાયોગિક વિજ્ઞાન કહી શકાય કારણ કે એનો હેતુ માનવ સંસ્કૃતિને આ પૃથ્વીના મર્યાદિત સંસાધનો વડે કેવી રીતે ટકાવી રાખી શકાય એવા વધુ ને વધુ મહત્વના બનતા જતા સવાલનો વહેવારુ જવાબ આપવાનો છે.પ્રકૃતિ તથા પ્રત્યેક જીવસૃષ્ટિનો આદર કરવો,જતન કરવું આપણા કલ્યાણ માટે જરૂરી છે.પ્રાકૃતિક સંસાધનો બેંકમાં રહેલ જમાપૂંજી છે .જો આપણે તેનો ઝડપથી ઉપયોગ કરીશું તો પૂંજીઘટીને શૂન્યથઈ જશે, પરંતુ આપણે જો વ્યાજથી જ કામ ચલાવીશું તો મૂડીઅકબંધરહેશે અને લાંબા સમય સુધી આપણને કામ લાગશે. પર્યાવરણની કિંમતી મૂડીનું મહત્વ સમજીએ, પર્યાવરણીય સમસ્યાઓ પ્રતિ જાગૃતિ કેળવીએ એટલું જ નહિ સજાગ બનીએ,વૃક્ષફૂલછોડ કે જીવ જંતુઓનીપ્રજાતિઓ લુપ્ત ન થાય એનો ખ્યાલ રાખીએ કારણકે એકવાર પ્રજાતિ લુપ્ત

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

થયા પછી માણસ તેને પાછી લાવી શકતો નથી.ઉપરાંત પ્રાકૃતિક વિસ્તારનો વિનાશ થતો જોઈ રહીએ અથવા એનો વિરોધ ના કરીએ તો ભાવિ પેઢી આ બહુમૂલ્યસંસાધનોના ઉપયોગથી વંચિત થઈ જશે એવી સમજ માનવીમાં વિકસે એ માટે પર્યાવરણીય શિક્ષણ મહત્વનું બને છે.વર્ડઝવથ પણ સાંપ્રત માનવીને પ્રકૃતિનું મહત્વ સમજાવતાં કહે છે-'Back to Nature'

પ્રકૃતિમાં જે સૌદર્યલક્ષી અને મનોરંજનલક્ષી મૂલ્ય છે તે પૃથ્વી પર આપણા જીવનને આનંદમય જીવંત બનાવે છે.પર્વતની ભવ્યતાને,સમુદ્રની શકિતને,જંગલના સૌંદયને અને રણમાં વિશાળ વ્યાપને જોઈને આપણને એના મૂલ્યનીજાણ થાય છે. પ્રકૃતિનાં આ સુંદર દૃશ્યો અને એમાંની વનસ્પતિ-પ્રાણી સૃષ્ટિનીઅસીમ વિવિધતાએ જ માનવીના જીવન સંબંધિતઅનેક દર્શનશાસ્ત્રોનો-ફિલસૂફીઓનો વિકાસ કાર્યો છે.તેમણે કલાકારોને દૃશ્ય કલાકૃતિઓ સર્જવાની તેમજ લેખકો અને કવિઓને એમની સર્જનાત્મક તથા સુંદર રચનાઓ સર્જવાની પ્રેરણા પૂરી પાડી છે.આપણા સૌના જીવનને ચૈતન્યસભર બનાવી દે છે.

સાહિત્ય સાથે પ્રકૃતિનો અતૂટ નાતો છે.એક મત એવો છે જે કે-'સાહિત્યનાં આત્મલક્ષી સ્વરૂપો કરતાં પરલક્ષી સ્વરૂપો વાસ્તવિકતાને તેનાં સર્વ પરિણામોમાં પારખવા,પામવામાં વધુ સક્ષમ નીવડે છે.' જોકે પ્રકૃતિ પાસે,માનવી પાસે છે એવી કોઈ ભાષા નથી.પ્રત્યેક સર્જક પોતાની રીતે પ્રકૃતિને આત્મસાત કરે છે પરિણામે દરેક સર્જકનો પ્રકૃતિને પામવાનો પ્રયાસ માનવકેન્દ્રી બની રહે છે.એવી વિરોધીઓએ દલીલ કરી ઉપર્યુકત મતનો વિરોધ કર્યો.આમ છતાં સાહિત્યના ઉદગમકાળથી-જયારે પયર્ણીય સભાનતાનું અસ્તિત્વ જ નહોતું ત્યારે પણ પ્રકૃતિનિરૂપણો પુરા પરિમાણમાં થતાં રહયાં છે.સાહિત્યમાં પ્રકૃતિનો વિનિયોગ ક્યાં .કેવો થયો છે તે વિગતે જોઈએ -

.ઠીક ઠીક ચર્ચા થઈ છે ગ્રીનકલ્ચર સ્ટડીઝ અન્વયે નવલકથાઓની પશ્ચિમમાં થોમાસહાર્ડીની 'ટેસ ઓફ ડર્બર વિલેજ' હેમિગ્વેની 'ઓલ્ડ મેન એન્ડ ધ સી' માર્ક ટ્વેઈનની . 'હકલબરીફીન' હરમાન મેલ્વિલની 'મોબી ડીક' એનાં જાણીતા ઉદાહરણ છે .

ભારતીય સર્જકો વિભૂતિભૂષણ બંદોપાધ્યાયની'આરણ્યક', તારાશંકર બંદોપાધ્યાયની 'ગણદેવતા' નાથ મહાન્તિનીગોપી .'અમૃતસર સંતાન, પેન્ડસેની 'ગારંબીચા બાપૂ', ફણીશ્વરનાથ રેણુની 'મેલા આંચલ', પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' નવલકથાઓ તેના પ્રાકૃતિક સંનિવેશને કારણે ચર્ચામાં રહી છે

ગુજરાતીમાં ઝવેરચંદ મેઘાણીની'સોરઠ તારાં વહેતાં પાણી માં નદી, પર્વતો અને અન્ય

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

પ્રાકૃતિક તત્વો જીવંતપાત્ર બનીને ઊભર્યા છેઈશ્વર પેટલીકર ., ગુણવંતરાય આચાર્યએ પણ પોતાની કૃતિઓમાં પ્રકૃતિનો સબળ પ્રયોગ કર્યો છે સુંદરમની .'માને ખોળે' ચુનીલાલ મડિયાની 'વાની મારી કોયલ', ધૂમકેતુની 'રજપૂતાણી ઉમાશંકરની 'શ્રાવણીમેળો' જેવી વાર્તાઓમાં પ્રાકૃતિક પરિવેશનું નિર્ણાયક ભૂમિકામાં આલેખન થયું છે તો જયંતખત્રીએ એમની વાર્તાઓમાં કચ્છના રણપ્રદેશને જીવંત કર્યું છેએજ રીતે કવિ કાન્તે .'વસંતવિજય' ખંડકાવ્ય માં પ્રકૃતિનો એક સબળ પાત્ર તરીકે વિનિયોગ કર્યો છે – ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય' એવા વસંત ઋતુના પ્રભાવ તળે પાંડુની હારનું નિરુપણ થયું છે ન્હાનાલાલના . 'વસંતોસ્તવ', રાજેન્દ્ર શાહ ના 'શ્રાવણી મધ્યાહ્નને' જેવાં કાવ્યોમાં પ્રાકૃતિક સૌદર્યની કવિના ચિતમાં ઝિલાયેલી અસર સુંદર રીતે પ્રગટ થઈ છેપ્રિયકાંત મણિયાર નાં .'આ નભ ઝૂક્યુ તે કાનજી' કાવ્યમાં પ્રણયના પ્રતીક તરીકે પ્રાકૃતિક તત્વોનો વિનિયોગ થયો છેઉપરાંત . .પ્રવાસનિબંધોમાં પણ જે તે સર્જકે પ્રકૃતિલીલા નિરૂપી છે

સંસ્કૃત સાહિત્યમાં પર્યાવરણ નિરૂપણજોઈએ તો ડૉ રાઈડર કહે છે કે -' પૃથ્વી ઉપર ભાગ્યેજ કોઈ મનુષ્ય હશે જેણે કાલિદાસ જેવું સૂક્ષ્મ અને ચોકસાઈભર્યું પ્રકૃતિનિરૂપણકર્યુ હોય. કાલિદાસની કવિતા પૂરેપૂરી માણવા માટે.જો કે તે ચોકસાઈ વૈજ્ઞાનિકની નહી પણ કવિની હતી કઈ નહિ તો માત્ર થોડાક અઠવાડિયા તો તે મનુષ્યે માનવ મહેરામણથી દૂર જંગલોમાં અને વૃક્ષો અને પુષ્પો જીવંત છે એવી ત્યાં પ્રપર્વતોમાં વિતાવવા જ જોઈએતીતિ થાય છે . સનું પ્રકૃતિ જ્ઞાન માત્ર સહાનુભૂતિયુક્ત છે એટલુ જ નહિકાલિદા, તેમાં ખાસ ચોકસાઈ પણ છે. હિમાલયના પવન, બરફ અને ગંગાનો પ્રવાહ જ તેની પુરતુ નથીપણ નાના ઝરણાં વૃક્ષો અને . નાનામાં નાનું પુષ્પ પણ જાણે તેની જ વસ્તુઓ છે

સંસ્કૃત સાહિત્યના મહાકવિ કાલિદાસની કૃતિઓમાં પણ કાલિદાસ અને પ્રકૃતિ વચ્ચેનો નિકટનો સંબંધ જોઇ શકાય છે.'મેઘદૂત' પ્રકૃતિનુ સજીવ કાવ્ય છે, જ્યારે 'શાકુંતલ'માં તો પ્રકૃતિ નાટકનું એક અંગ જ બની ગઈ છેપ્રકૃતિ . વિના 'શાકુંતલ' નિર્જીવ રસહીન બની જાત, પ્રકૃતિએ શકુંતલાનો ઉછેર કર્યો છેએલવેલકરે તે.ડો .થીજ શકુંતલાને 'નિસર્ગ કન્યા' કહી છેઅને પ્રકૃતિ વિનાની શકુંતલા ક્યારેય જીવંત સુંદર બનત ખરી.? વનનાં વૃક્ષો, લતાઓ, મૃગશિશુઓ બધાં જ જાણે કે શકુંતલાના સંબંધી બની ગયા છેઆમ કાલિદાસની પ્રકૃતિએ . આમ કાલિદાસનાં પ્રકૃતિવર્ણનની વિશેષતા .એની કૃતિઓનું સજીવ અંગ બને છેતો એ છે કે

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X

ક્યારેય એમા અસત્ય હોતુ નથી .ભૌગોલિક અસત્યતાનો આભાસ સરખો પણ થતો નથી . .ઉપરાંત પ્રકૃતિનું આલેખન લઈ એ એમનાં પાત્રોને સજીવ બનાવે છે

આમ કાલિદાસ સાહિત્યના માધ્યમથી માનવ અને પ્રકૃતિ વચ્ચે કોઈ સૂક્ષ્મ પ્રેમ શ્રી આનંદશંકર ધ્રુવ કહે છે.સંબન્ધ બતાવે છેકે ' પ્રકૃતિના અમુક દેખાવમાં કોઈક ગૂઢ રીતે અમુક ભાવો પ્રેરવાની શક્તિ છે એમ કાલિદાસ માને છેપ્રકૃતિના મનોહર દશ્ય કે શ્રવ્યનો . આથી જ પ્રકૃતિના .મનુજ હ્રદય સાથે કોઈ અગમ્ય સંબંધ છે એમ કાલિદાસ માને છે ને કાલિદાસે મનુષ્ય હ્રદયના ઉદ્દીપન વિભાવ તરીકે આલેખ્યા છે પ્રકૃતિની આ ભાવ પ્રેરવાની શક્તિ કલ્પિત નથી પણ વસ્તુગત છે એમ કાલિદાસનું માનવુ છે પ્રકૃતિની અમુક સ્થિતિસ્થાન અને સમય પશુપંખીમાં પણ અમુક ભાવ ઉપજાવે છે અને મનુષ્ય પણ પ્રકૃતિથી વીંધાયેલો હોય એનામાં પણ એ જ ભાવ એ ઉત્પન્ન કરે છેએવી કાલિદાસની સમજણ છે અને એ સમજ .ણમાં સમાયેલી સફળ વિશ્વની અખંડતાનુ ભાન એ કાવ્ય તરીકેના એના આનંદનુ નિદાન છે

આમ, આજનો માનવી પ્રકૃતિથી જ્યારે દૂર જઈ રહ્યો છે અને જેમ પોતે પોતાના ઘરની ચાર દીવાલમાં બંધ થઈ કામકાજના ચક્રવ્યુહમાં ફર્યા કરે છે તેમ પ્રકૃતિને પણ માનવી-એ કુંડા કયારામાં બાંધી દીધી છેકૃતિ સાથેનો માનવીય સંબંધ દૂર થઈ ગયો છેમાટે તેનો પ્ર . પરંતુ સાહિત્યકારો સાહિત્યમાં પ્રકૃતિને .પ્રકૃતિ તરફથી મળતી હૂફ તેને સ્પર્શી શકતી નથી પ્રકૃતિનો .માધ્યમ બનાવી માનવીને પર્યાવરણ સંરક્ષણનો સરસ સંદેશ પ્રગટ કરતા રહ્યા છે માનવ પર જે પ્રભાવ છે અને સંબંધ છે તે માણસ ત્યારે જ સમજી શકે જ્યારે તે આવા સાહિત્યને સમજીવિચારી તેમાં વર્ણીત પ્રકૃતિની સુંદરતા, માનવસહજ ભાવને પામી, જીવનમાં ઉતારી પોતાની જાત, સમાજ અને દુનિયાને આવનાર પર્યાવરણીય ખતરાથી બચાવી શકે . .આવી ઉદાત્ત વિચારસરણી સાહિત્ય ધ્વારા આપણને પ્રાપ્ત થાય છે એ રીતે પર્યાવરણ અને સાહિત્યનો સંબંધ અમૂલ્ય છે એમાં કોઈ શંકા નથી